## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આ વખતે ઝંડા વેંચી લો... પછી કદાચ વિદેશનાં બાળકો સાથે ભવિષ્યમાં તમને કોમ્પીટીશન થશે...!!

## સેક્ટર-૩ ખાતે કાનૂની શિબિરનું આયોજન

ગાંધીનગર જિલ્લા અદાલત દ્વારા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ આયોજિત કાનુની શિબિરનું ૨૫મી જાન્યુઆરીને ગુરુવારના રોજ સવારે ૧૦ વાગે સેક્ટર-૩ વગડાવાળી માતાજીના મંદિર પાસે આયોજન કરવામાં આવ્યું છે.

# વાસણ-રાંધેજા રોડ પર ટોળાનો બસ પર પથ્થરમારો કરી આગચંપીનો પ્રયાસ

### પેથાપુર પોલીસે ૨૦ શખ્સો સામે ગુનો દાખલ કરી ધરપકડ માટે કવાયત શરૂ કરી

ગાંધીનગર, તા. ૨૩

'પદ્‌માવત' ફિલ્મનો વિરોધ વધુને વધુ ઉગ્ર બની રહ્યો છે. ગાંધીનગર જિલ્લો વિરોધ પ્રદર્શન માટે વધુ પ્રભાવિત છે ત્યારે હવે પોલીસ દ્વારા પણ વિરોધ પ્રદર્શન કરતા વ્યકિતઓ સામે વધુમાં વધુ કડક પગલા ભરવામાં આવી રહ્યા છે. ગઈ કાલે લેકાવાડાના બનાવમાં ૫૦ના ટોળા સામે ચિલોડા પોલિસે કાર્યવાહી કરી ત્યારે ગઈ કાલે વાસણ-રાંધેજા રોડ પર બસને આગચંપી કરીને આગચંપીનો પ્રયાસ કરનાર ૨૦ ટોળા સામે પેથાપુર પોલિસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાંધેજા બાપુ કોલેજથી વાસણ રોડ વચ્ચે ગઈ કાલે સાંજે પદ્‌માવત ફિલ્મના વિરોધમાં ૨૦થી વધુ વ્યકિતઓનું ટોળુ આવી પહોંચ્યુ હતું અને ઓનએનજીસી દ્વારા લેવામાં આવેલી એસટી બસને રસ્તા વચ્ચે ઉભી રખાવી મુસાફરોને ઉતારી દઈ બસ ઉપર પથ્થરમારો કરીને તોડફોડ કરી હતી. ત્યાર બાદ બસને સળગાવી નાંખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં પેથાપુર પોલિસે મોન્ટુ ટીનાજી વાઘેલા, કનક નરેન્દ્રસિંહ વાઘેલા, લાલસિંહ રજુજી વાઘેલા અને નરેશ દલપુજી વાઘેલા સહિત ૨૦ના ટોળા સામે ગુનો દાખલ કરીને તેમની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## શહેરના તંત્ર દ્વારા રમત-ગમતના સાધનો મુકાયા, પરંતુ રેતી કયારે નંખાશે..?

ગાંધીનગર શહેરમાં મનપા તંત્ર દ્વારા સેકટરોમાં ઠેરઠેર નાના બાળકો માટે રમતગમતના સાધનો મુકવામાં આવ્યા છે. પરંતુ કેટલાક ઠેકાણે માત્ર રમતગમતના સાધનો મુકીને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હોય તેમ લાગી રહ્યું છે. જયારે બાળક રમતગમતના સાધનોમાં રમવા માટે જાય તો તેને ઈજા પહોંચે તેવી સ્થિતિ કેટલાક સેકટરોમાં ઉદભવી છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી સેકટરોમાં નાના બાળકોને રમવા માટે વિવિધ રમત ગમતના સાધનો મુકવામાં આવી રહ્યા છે. આ સ્થળ પર ફેન્સીંગની જાળી પણ નાંખવામાં આવે છે. પરંતુ રમત-ગમતના સાધનો ફીટ કરવામાં આવ્યા છે તે જગ્યા સાફ સફાઈ કરવામાં આવી નથી કે નથી તેમાંથી પથ્થરો દુર કરવામાં આવ્યા. ઘણા સેકટરોમાં તારની ફેન્સીંગ, રેતી નાંખીને રમત ગમતના સાધનો મુકવામાં આવ્યા છે તો કેટલાક સેકટરોમાં માત્ર નામ પુરતા સાધનો મુકવામાં આવ્યા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે રમતગમતના સાધનો જયાં મુકવામાં આવ્યા છે તે સ્થળો પર રેતી નાંખવાની બાકી રહી ગઈ હોય તેવા સ્થાનો પર તંત્ર દ્વારા રેતી નંખાવામાં આવે તેની રાહ નગરજનો જોઈ રહ્યા છે.

# રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા સે-૧૭ ખાતે જીગ્નેશ મેવાણીનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૩

વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી આજે ગાંધીનગર વિધાનસભા ખાતે આયોજીત શપથવિધીમાં આવી રહ્યા હતા તે સમય દરમિયાન સેકટર-૧૭ સ્થિત બગીચામાં સવારે ૧૦ કલાકે તેઓનું



ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે સન્માન સમારોહમાં શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય માટે ઝઝુમતો દેત્રોજનો પરિવાર આવી પહોંચ્યો હતો અને ન્યાય અપાવવા માટે જીગ્નેશ મેવાણીને રજુઆત કરી હતી.

શિક્ષણ, રોજગાર, ખેતી માટે યોગ્ય દિશામાં કામ કરીને વડગામને સુંદર પાલન થાય. વડનગરના નરેન્દ્રભાઈ મોદીનું ગુજરાતનું વિકાસ મોડલ ફ્લોપ ગયું છે. રાજયમાં તમામ સમાજોએ અવાજ ઉઠાવ્યો છે. વડનગરમાં આરોગ્ય,

**દેત્રોજ તાલુકાના ગીતાપુર ગામના બે ભાગલા થતા એક નવો મુદ્દો ઉછળ્યો છે. ગીતાપુર ગામમાંથી દલિત પરિવારોને તગેડીને ગીતાપુરમાંથી છુટા પડેલા બીજા ગામમાં પ્લોટ ફાળવી દેવામાં આવ્યો છે. હવે પ્લોટ ફાળવી દીધા બાદ ગીતાપુર ગામની મુળ જગ્યા દલિત પરિવારોની હતી તેના પર અન્ય ગ્રામજનોએ કબ્જો કરી લીધો છે. હવે આ દલિત પરિવારો ન ઘરના ન ઘાટના જેવી સ્થિતિ પર આવી ગયા છે. આ મામલે દલિત પરિવારો ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા એક વર્ષથી આંદોલન છેડીને પોતાના પ્રશ્નોની રજુઆત સરકાર સુધી પહોંચાડી રહ્યા છે. જો કે કોઈ નિવેડો ન આવતા આજે સે-૧૭માં યોજાયેલ સન્માન સમારોહમાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીને મળવા અને રજુઆત કરવા પહોંચી ગયા હતા. તેમનો પ્રશ્ન સરકાર સુધી પહોંચાડવાની ખાતરી આપી જીગ્નેશ મેવાણી વિધાનસભા શપથવિધી સમારોહમાં જવા નીકળી ગયા હતા. આખરે સરકારને રજુઆત કરવા બપોરે આ પરિવારોના સભ્યો વિધાનસભા સુધી પહોંચી ગયા હતા. આખરે વિધાનસભાના ગેટ બહારથી જ પોલીસે ૧૫ જેટલા સભ્યોની અટકાયત કરી લીધી હતી.**

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ ગાંધીનગર જિલ્લા સંગઠન દ્વારા જીગ્નેશ મેવાણીનું ફુલહારથી તેમજ નાની બાળાઓ દ્વારા કંકુ તિલક કરીને મોં મીઠુ કરાવીને સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સમાજના ૨૦૦ થી વધુ દલિત ભાઈ -બહેનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે છેલ્લા એક વર્ષથી પધારેલા જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૨ વર્ષમાં સંવિધાનનું પાલન કર્યું નથી માત્ર તેની હાશી ઉડાવી છે. રાજયના ગરીબ, દલિત, ખેડુતોનો, બેરોજગારો સહિત સૌ વર્ગોનો અવાજ વિધાનસભામાં બનું તેમ જણાવી વધુમાં કહ્યું હતુ કે બંધારણ અને જોગવાઈઓનું યોગ્ય શહેર બનાવીશ. તેમજ સરકાર દલિત સમાજ સાથે બેસીને વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા નહીં કરે તો બાબા સાહેબની પ્રતિમાને હાથ લગાડવામાં દેવામાં આવશે નહીં તેવો હુંકાર કર્યો હતો. આ કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ દલિત સમાજના ભાઈ બહેનો હાજર રહેશે.

### રઙમીએ ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધી બ્રહ્મકૂચ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં વસતા આશરે ૬૨ લાખ બ્રાહ્મણોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક, સ્વાસ્થ્ય અને સાંસ્કૃતિક ઉત્કર્ષ માટે રાજયમાં બ્રાહ્મણો માટે ખાસ બ્રહ્મ વિકાસ આયોગની રચવાની ઉગ્ર માંગણી સાથે તા. ૨૬મી જાન્યુઆરીએ શહેરમાં ગાંધીઆશ્રમથી ગાંધીનગર સુધી એક વિશાળ બ્રહ્મકૂચ(બ્રહ્મ અધિકાર રેલી)નું આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મ વિકાસ આયોગ આંદોલન સમિતિ દ્વારા આયોજિત આ રેલીમાં રાજયભરમાંથી એક લાખથી વધુ બ્રાહ્મણો ઉમટવાનો અંદાજ છે, જેને લઈ સરકારના સત્તાવાળાઓ પણ ચિંતામાં મૂકાયા છે. પાટીદાર આંદોલન, ઠાકોર સમાજના આંદોલન બાદ હવે બ્રહ્મસમાજ દ્વારા રણશિંગુ ફૂંકાતા સરકારના સત્તાવાળોને આ સમગ્ર મામલે ગંભીરતા રાખી વિચારવું પડે તેમ છે કારણ કે, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ નજીકમાં છે અને આવતા વર્ષે લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે, તેથી બ્રહ્મસમાજના ફેકટરને પણ નજરઅંદાજ કરી શકાય તેમ નથી.

# જિલ્લા આયોજન સમિતિને અધિકાર આપવાની પંચાયત પરિષદની લડત યોગ્ય : ભરતસિંહ

### પંચાયતી રાજમાં પ્રજાનો અવાજ સરકાર દબાવી રહી છે અને કોન્ટ્રાક્ટર રાજ પાસે છે : ચાવડા

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં પંચાયતી રાજમાં જે પ્રજાનો અવાજ છે તે દબાવવાનો પ્રયાસ સરકાર કરી રહી છે અને તે સામે જરૂર પડ્યે આંદોલનાત્મક રીતે પણ રજુ કરાશે તેમ કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે પંચાયત પરિષદના ઉપક્રમે યોજાયેલ ધરણાના કાર્યક્રમ દરમ્યાન ઉચ્ચાર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે પંચાયતીરાજની ગ્રાન્ટોના વપરાશની સત્તા લઈ લેવામાં આવી છે તેમજ વી.એચ.પી. અને આર.એસ.એસ.ના કોન્ટ્રાક્ટર કાર્યકરો કહે તેમાં તે વાપરવામાં આવી રહી છે જેનાથી ગ્રામીણ વિકાસ રૂંધાયો છે.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યુ હતુ કે જિલ્લા આયોજન સમિતિની બેઠકો નહિ બોલાવી સરકાર ચૂંટાયેલા સભ્યોના હક્ક પર તરાપ મારી રહી છે. તેમણે જણાવ્યું હતું કે સ્વ. રાજીવ ગાંધીએ પંચાયતી રાજને સુદ્રઢ બનાવવાના પગલાં લીધા હતા જયારે ભાજપ સરકાર તેને ટુંપો દેવાનું કામ કરી રહેલ છે. ભરતસિંહ સોલંકીએ જણાવ્યું



હતું કે ૨૯મી જાન્યુઆરીએ રાજયની વડી અદાલતમાં પંચાયત પરિષદની લડત માટે સુનાવણી છે અને પંચાયત પરિષદની લડતને સફળતા મળશે તેવો તેમને વિશ્વાસ છે.

ગ્રામીણ વિસ્તારની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં જાગૃતિ આવે તે માટે બેઠકો અને તાલિમના કાર્યક્રમો પરિષદ કરે તે જરૂરી છે.

આ કાર્યક્રમમાં પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સરકાર દ્વારા પંચાયતી રાજની કરાતી ઉપેક્ષા સામે રોષ વ્યક્ત કર્યો હતો.

ધરણાના આ કાર્યક્રમમાં સુશ્રી ગજરાબેન ચૌધરી, દારાસભ્ય ડૉ. આશાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ, કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એલ.એન. પરમાર, ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, પૂર્વ ચેરમેન ચારેલ સહિત વિવિધ પંચાયતોના પદાધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ધરણાને અંતે વિપક્ષી નેતા અને રાજ્ય પંચાયત મંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. ધરણાને અંતે પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે આભારવિધિ કરી હતી.

# વાવોલમાં આરસીસી રોડને કારણે અકસ્માત સર્જાયો

### ઊંચા-નીચા આરસીસી રોડના અયોગ્ય સાંધાને કારણે બાઈકસવાર ઉછળીને રીક્ષાને ભટકાયો : બાઈકસવારનો આબાદ બચાવ પરંતુ રીક્ષાચાલક ઘવાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના વાવોલ ખાતે આજે તાજેતરમાં નવા બનેલા આરસીસી રોડના કારણે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક બાઈક સવારનો આબાદ બચાવ થવા સાથે એક રીક્ષાચાલક ઘવાયો હતો. જુના આરસીસી રોડ અને નવા આરસીસી રોડ વચ્ચે લેવલીંગની અસમાનતા રાખવાના તથા બંનેના જોડાણના ભાગે પણ ગંભીર બેદરકારીભરી



દુર્લક્ષતા દાખવવામાં આવી હોવાને કારણે આ અકસ્માત સર્જાયો હતો.

વાવોલની કોલવડા ચોકડીથી ઉવારસદ તરફ જતા માર્ગ પર અગાઉ કિર્તિધામ સોસાયટીથી શાલીન-૩ સોસાયટી સુધી આરસીસી રોડ બનાવાયેલો હતો. તાજેતરમાં વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને તંત્ર દ્વારા શાલીન-૩ થી કોલવડા ચોકડી સુધીનો માર્ગ પણ આરસીસી કરવાનું કામ હાથ ધરાયું હતું. જેમાં આરસીસી રોડ બનાવતા પૂર્વે પુરતી ઊંડાઈનું ખોદકામ કર્યા વગર જ રોડ બનાવી દેવાયો છે. આ કારણે જુના અને નવા બંને રોડ વચ્ચે લેવલીંગની ભારે અસમાનતા સર્જાવા પામી છે. જ્યારે રોડનું કામ ચાલી રહ્યું હતું ત્યારે રહીશોને આશ્ચર્ય પણ થયુ હતુ અને આ બાબતે ધ્યાન પણ દોરવામાં આવ્યું હતું. છતાં યેનકેન પ્રકારે કામ નિપટાવી દેવામાં આવ્યું હતું. હવે આ અસમાન રોડનું જોડાણ જ્યાં શાલીન-૩ સોસાયટી પાસે થાય છે ત્યાં યોગ્ય ઢાળ આપીને જોડાણ કરવાનું પણ તંત્રએ મુનાસિબ સમજ્યુ નથી જેના કારણે અનેક વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે.

આજે આ જોડાણ તરફ આવી રહેલ એક બાઈક સવારને આ જોડાણની અસમાનતા અંગે ખબર નહી હોવાથી તેના બાઈક સાથે ઉછળ્યો હતો અને સામેથી આવતી રીક્ષાને જઈને ભટકાયો હતો. જો કે આ અકસ્માતમાં બાઈક સવારને તો માત્ર નજીવી ઈજાઓ થઈ પરંતુ



**જુના-નવા આરસીસી રોડનો 'સાંધો' જોખમરૂપ**

વાવોલની કોલવડા ચોકડીથી કિર્તિધામ સોસાયટી સુધીના માર્ગમાં ખૂબ અસમાનતા જોવા મળે છે. વળી, અલગ અલગ સમયે બનેલા આરસીસી રોડના જુદા જુદા ભાગોને અત્યંત બેદરકારી ભરેલા અસમાન લેવલીંગને કારણે આ વિસ્તારના વાહનચાલકો માટે ભારે જોખમ ઉભુ થવા પામ્યુ છે. સત્વરે આ માર્ગનું લેવલીંગ સરખુ કરી જોડાણના ભાગે યોગ્ય ઢાળ સાથેનું જોડાણ કરાય તેવી આ વિસ્તારના રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

રીક્ષાનો આગળનો કાચ તુટી જવા સાથે તેના ચાલકને પણ વધુ ઈજાઓ થતા તુરંત જ સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવો પડ્યો હતો. આ બનાવથી આ રોડની આસપાસની સોસાયટીઓ જેવી કે સંકલ્પ રોયલ, શાલીન-૧, શાલીન-૩, શાલીન-૪ અને શાલીન-૫ના રહીશોમાં તંત્રની બેદરકારી પ્રત્યે ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે અને જો કોઈ આ બેદરકારીનો ભોગ બની મોતને ભેટશે તો તેની જવાબદારી કોની તેવો સવાલ રહીશો કરી રહ્યાં છે.

# ભાજપમાં વ્હાલાં-દવલાંની નીતિ છે

### ભાજપ સરકાર ઉત્તરપ્રદેશમાં બટાકા પકવતા ખેડૂતોને એક ટને ૧૧૩નો પોષણભાવ આપતી હોય તો ગુજરાતના ખેડૂતોને કેમ નહીં : ડો. હિમાંશુ પટેલ

ગુજરાત રાજ્યમાં ભાજપ સરકારની ખેડૂતોને અન્યાય કરતી નીતિનાં કારણે બટાકામાં પોષણક્ષમ ભાવો નહીં મળતાં પાંચ ખેડૂતોએ આર્થિક તંગીના કારણે આત્મહત્યા કરી લેવી પડી છે. જ્યારે બે ખેડૂતો આપઘાતનાં પ્રયાસમાં બચી ગયા છે. ત્યારે રાજ્યમાં બટાકા પકવતા ખેડૂતોને આર્થિક ભીંસમાંથી ઉગારી લેવા માટે ઉત્તરપ્રદેશની જેમ બટાકાનો રૂ. ૧૧૩ ભાવ પ્રતિ મણે આપવા કોંગ્રેસ દ્વારા માંગણી કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં ભાજપ સરકારે ચૂંટણી વખતે બટાકામાં કિલોદીઠ એક રૂપિયાની સબસીડી આપવાની જાહેરાત કરી હતી. પરંતુ આજદીન સુધી આ સબસીડી કોઈ ખેડૂતને આપવામાં આવી નથી. આ સરકાર બટાકાના વાવેતર માટે પ્રોત્સાહન આપે છે. પરંતુ ત્યારબાદ તેનાં પોષણક્ષમ ભાવોથી લઈ વેચાણ – નિકાસ કે અન્ય રીતે નિકાલ માટે કોઈ જ મદદ કરતી નથી. જેમાં બટાકાની નિકાસ માટે કોઈ ચોક્કસ નીતિનાં અભાવે આર્થિક ભીંસમાં મુકાયેલાં ખેડૂતોએ આત્મહત્યાનો માર્ગ અપનાવવો પડ્યો છે. જેમાં અરવલ્લી જિલ્લાના નવી વાસણી (તા. બાયડ) ગામનાં ખેડૂત નંદુભાઈ મંગળભાઈ પટેલ તેમજ ડીસાનાં કેશુભાઈ લોધા, ભરતભાઈ લાલાજી માળી, પ્રવિણભાઈ માળી અને મહેન્દ્રભાઈ યાદવે આત્મહત્યા કરી લેવી પડી છે.



## બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ રામદેવ મસાલા ઔદ્યોગિક મુલાકાતે

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિદ્યાર્થીઓએ અભ્યાસના ભાગરૂપે તેમજ સાંપ્રત સમયમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ચાલતા વ્યવહારિક જ્ઞાનને સમજવા માટે અમદાવાદ સ્થિત રામદેવ મસાલા પ્રાઈવેટ લિમિટેડની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ટેકનિકલ, તમામ મશીનરી અને તેના ઉપયોગ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત સંચાલનના સિદ્ધાંતોને આ પ્રકારના વ્યવસાયોમાં કેવી રીતે અમલી બનાવી શકાય તે સમગ્ર માહિતી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર મેળવી હતી.

# સે-૨૬ કિસાનનગર સોસાયટીમાં અઠવાડીયાથી ફોર્સથી પાણી નથી આવતું

### સ્થાનિક રહીશોમાં આક્રોશ પાણી ફોર્સથી આવે તે માટે પ્રબળ રજુઆત

ગાંધીનગર તા ૨૩

શહેરના જુના સેકટરોમાં વારંવાર પાણીની પોકાર ઉઠતી રહે છે. જુના સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાના કકળાટના લીધે રહીશોમાં આક્રોશ પ્રવર્તે છે. નગરના સે-૨૬ કિસાનનગર વિસ્તારમાં છેલ્લા એક અઠવાડીયાથી ફોર્સથી પાણી આવતુ ન હોવાનો રોષ રહીશોએ વ્યકત કર્યો છે. સેકટરમાં પાણી ફોર્સથી આવે તે માટે જરૂરી પગલા લેવા માટે પણ માંગણી કરવામાં આવી છે.

શહેરમાં સેકટરોમાં પાણી ગટર વ્યવસ્થા દાયકાઓ જુની છે. પાણી અને ગટર લાઈનની સેવાને અસરકારક બનાવવા માટે લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સેકટરોમાં ગટર લાઈનની ફરિયાદોને ડામવા માટે વધારાની લાઈન નાંખવા માટેનુ પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે પાણીની ફરિયાદોને અનુલક્ષીને કેટલાક ઠેકાણે લાઈનો અપગ્રેડ કરવામાં આવી છે. પરંતુ સમગ્ર શહેરમાં દાયકાઓ જુની પાણીની લાઈનને સેકટરની વસતી અને વિકાસ મુજબ અપગ્રેડ કરવા માટે કોઈ આયોજન થતુ નથી. જેના લીધે પાણી અને ગટરોના પ્રશ્નો સમયાંતરે સામે આવીને ઉભા રહે છે. શહેરના નવા અને જુના સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. જેમાં સે-૨૬ કિસાનનગર વિસ્તારમાં પાણી ફોર્સથી ન આવતો હોવાનો કકળાટ પ્રવર્તયો છે. સે-૨૬ માં સ્થિત ખ માર્ગ પાસે સ્થિત કિસાનનગર સોસાયટીના મકાનોમાં છેલ્લા એક અઠવાડીયાથી ફોર્સથી પાણી આવતુ નથી જેના લીધે સ્થાનિક રહીશોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. આ મામલે સ્થાનિક અગ્રણી ડાહ્યાભાઈ પટેલે સોસાયટીમાં પાણી ફોર્સથી મળી રહે તે મુજબનુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ કરી છે. સેકટરોમાં એકબાજુ સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે આયોજન હાથ ધરવા માટે ચક્રો ગતિમાન થયા છે. ત્યારે બીજીતરફ પાણીની લાઈન પણ વર્ષો જુની હોય તેવા કિસ્સામાં લાઈનને અપગ્રેડ કરવામાં આવે તેવી માંગ પણ લાંબા સમયથી ઉઠવા પામી છે.